દિવ્ય ભાસ્કર પાલનપુર 06-04-2026

# પાલનપુરમાં રાજવી સ્કૂલના બિલ્ડીગનું ઉદ્ઘાટન




**પાલનપુર** | પાલનપુર ખાતે ઈકરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી સ્કૂલનું નવા બિલ્ડીંગનું ઉદ્ઘાટન સાતસંચા ડો.આંબેડકર ચોક ખાતે યોજાયું હતું. છેલ્લા 17 વર્ષથી ભાડાના મકાનમાં ચાલતી શાળાને હવે પોતાનું આધુનિક બિલ્ડીંગ મળ્યું છે. સુરતના ઉદ્યોગપતિ ડો.ફારૂક પટેલે રિબન કાપી ઉદ્ઘાટન કરી પ્રેરક પ્રવચન આપ્યું હતું.નવા બિલ્ડીંગ માટે દાન આપનાર મુખ્ય દાતાઓનું શાલ, પુષ્પગુચ્છ અને સન્માન ટ્રોફી આપી સન્માન કરાયું હતું. ઈકરા ટ્રસ્ટના પ્રમુખ સૈયદ સમીઉલ્લાહએ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં સૈયદ જાવીદબાવા, ઈસ્માઈલ શેરું (રામપુરાવડલા), કરીમભાઈ પોલરા, અજીજ સિંધી (ડાંગીયા), અહેમદખાન સિંધી (સંઘણી), હસનભાઈ પોલરા સહિત અગ્રણીઓ, વાલીઓ હાજર રહ્યા હતા.

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

## સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ડો. ફારૂક પટેલના અધ્યક્ષ સ્થાને

# પાલનપુરની રાજવી સ્કૂલના નવીન બિલ્ડિંગનો લોકાર્પણ સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૫

ઈકરાએજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી સ્કૂલ છેલ્લા ૧૭ વર્ષથી ભાડાના મકાનમાં કાર્યરત હતી જેની નવીન બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન સાતસંચા ડો.આંબેડકર ચોકના મેદાનમાં દબાદબાભેર યોજાઈ ગયું

આ કાર્યક્રમમાં સુરતના ઉદ્યોગપતિ ડો.ફારૂક પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું તે ઉપરાંત આકાર્યક્રમમાં સૈયદ જાવીદબાવા, ઈસ્માઈલ શેરૂ (રામપુરાવડલા) કરીમભાઈ પોલરા, અજીજ સિંધી (ડાંગીયા) અહેમદખાન સિંધી (સંઘવી) હસનભાઈ પોલરા






(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

સાથે શહેરના મુસ્લિમ અગ્રગણ્ય જાગીરદાર સમાજના આગેવાનો તથા શાળાના વાલીઓ વિદ્યાર્થી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં બાલિકાઓએ પ્રાર્થના રજૂ કરી હતી ત્યારબાદ અહેમદખાનજી સિંધીએ સ્વાગત પ્રવચન કર્યું હતું નવીન બિલ્ડિંગમાટે મોટુંદાન આપનાર મુખ્ય દાતાઓનું શાલ, પુષ્પગુચ્છ અને સન્માન ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સુરતના ઉધોગપતિઅને કાર્યક્રમના અધ્યક્ષ ડો.ફારૂક પટેલે શાળાના બિલ્ડિંગનું રીબીન કાપી ઉદ્‌ઘાટન કર્યું હતું તથા પોતાના નામની તકતીનું દોરી ખેંચી અનાવરણ કરી બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું.

ત્યારબાદ કરીમભાઈએ પોલરા એ કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડો. ફારૂક પટેલ ચેરમેન કે.પી ફાઉન્ડેશન સુરતનું શાલ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કર્યું હતું. આ પ્રસંગે અજીજ સિંધીએ પાલનપુર નવાબી શાશનનું પ્રતિક ચિહન તથા અહેમદખાન સિંધી કિર્તિ સ્તંભનું રેખાચિત્રની ફ્રેમ અર્પણ કરી હતી. ઈકરા ટ્રસ્ટના પ્રમુખ સૈયદ સમીઉલ્લાહ એસંસ્થા પરિચય તથા તમામ નાના મોટા દાતાઓનું ઋણ સ્વીકાર કરી આભાર પ્રગટ કર્યું હતું. ડો.ફારૂક પટેલે પોતાની આગવી શૈલીમાં અસરદાર પ્રવચન આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત દ્વારા પૂર્ણાહુતી થઈ હતી.

## ઈકરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી સ્કૂલ

# પાલનપુરની રાજવી સ્કૂલના નવીન બિલ્ડીંગનું ઉદઘાટન સમારોહ યોજાયો












ઈકરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી સ્કૂલ છેલ્લા ૧૭ વર્ષથી ભાડાના મકાનમાં કાર્યરત હતી.જેની નવીન બિલ્ડીંગનું ઉદ્ઘાટન સાતસંચા ડૉ. આંબેડકર ચોકના મેદાનમાં દબાદબાભેર યોજાઈ ગયું.આ કાર્યક્રમમાં સુરતના ઉદ્યોગપતિ ડૉ ફારુક પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું તે ઉપરાંત આ કાર્યક્રમમાં સૈયદ જાવીદબાવા, ઈસ્માઈલ શેરું (રામપુરાવડલા) શ્રી કરીમભાઈ પોલરા, શ્રી અજીજ સિંધી (ડાંગીયા) અહેમદખાન સિંધી (સેધણી) હસનભાઈ પોલરા સાથે શહેરના મુસ્લિમ અગ્રણીઓ જાગીરદાર સમાજના આગેવાનો તથા શાળાના વાલીઓ વિદ્યાથી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત માં બાલિકા ઓએ પ્રાર્થના રજૂ કરી હતી ત્યારબાદ અહેમદ ખાનજી સિંધી એ સ્વાગત પ્રવચન કર્યું હતું નવીન બિલ્ડીગમાટે મોટુંદાન આપનાર મુખ્ય દાતાઓનું શાલ, પુષ્પગુચ્છ અને સન્માન ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. સુરતના ઉધોગપતિઅને કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ડૉ.ફારૂક પટેલે શાળાના બિલ્ડીગનું રીબીન કાપી ઉદઘાટન કર્યું હતું તથા પોતાના નામની તકતીનું દોરી ખેંચી અનાવરણ કરી બિલ્ડીંગનું નિરીક્ષણ કર્યુ હતું. ત્યારબાદ કરીમભાઈએ પોલરા એ કાર્યક્મ ના અધ્યક્ષશ્રી ડૉ. ફારૂક પટેલ ચેરમેન કે.પી ફાઉન્ડેશન સુરત નું શાલ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કર્યું હતું.આ પ્રસંગે શ્રી અજીજ સિંધીએ પાલનપુર નવાબી શાશન નું પ્રતિક ચિહન તથા અહેમદ ખાન સિંધી કિર્તિ સ્તંભનું રેખાચિત્રની ફ્રેમ અર્પણ કરી હતી. ઈકરા ટ્રસ્ટ ના પ્રમુખ સૈયદ સમી ઉલ્લાહ એસંસ્થા પરિચય તથા તમામ નાના મોટા દાતાઓનું ઋણ સ્વીકાર કરી આ ભાર પ્રગટ કર્યું હતું.ડૉ. ફારૂક પટેલે પોતાની આગવી શૈલીમાં અસરદાર પ્રવચન આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્મ ના અંતે રાષ્ટ્ર ગીત દ્વારા પૂર્ણાહુતી થઈ હતી.અંતે સ્વરૂચિ ભોજન રાખવા માં આવ્યું હતું.

## વિકાસની પાંખો પર સવાર કેપી ગ્રૂપ
## લોકલથી ગ્લોબલમાં કરી રહ્યું છે એક્સપાન્શન

સુરતની ધરતી પરથી દુનિયાના ફલક પર કેપી ગ્રૂપ તેની ત્રણ લિસ્ટેડ સહિત ૪૫થી વધુ કંપનીના સમૂહ સાથે વિકસી રહ્યું છે. યુએઈ અને બોત્સવાના, યુરોપ, દ.કોરિયા સહિતમાં તેની નોંધપાત્ર એન્ટ્રી થઈ ગઈ છે.

ગ્રૂપે હાલમાં જ ભરૂચની માતર ફેક્ટરીમાં પ્રથમ ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ અને એશિયાની સૌથી મોટી ગેલ્વેનાઈઝિંગ કેટલ સ્થાપિત કરી છે જે મોટી સિદ્ધિ છે. કેપી ગ્રૂપ પાસે હાલ ૧૨૮થી વધુ સાઈટ્સ છે. ૭.૭ગીગાવોટ સોલાર, વિન્ડ, **BESS** અને હાઈબ્રિડ પાવરનો પોર્ટફોલિયો છે. જેમાં ૧ ગીગાવોટ નો પોતાનો આઈપીપી પ્લાન્ટ છે. ૧૧,૮૯૦ એકરથી વધુ લેન્ડ બેંક છે. ૨૦૩૦ સુધી ૧૦ ગીગાવોટનો ટાર્ગેટ છે.કેપી ગ્રૂપના




**ડો. ફારૂક જી. પટેલ**
**સીએમડી કે.પી. ગ્રુપ**

ફાઉન્ડર, સીએમડી ડો. ફારુક જી. પટેલ કહે છે કે, અમારુ ફોકસ સ્કેલ સાથે મજબૂત એક્વિઝિશન ક્ષમતાઓ વિકસાવવા પર છે, રિન્યૂએબલ એનર્જી, અદ્યતન મેન્યુફેક્ચરિંગ ને જોડીને, અમે લાંબા ગાળાના વિકાસ માટે પ્લેટફોર્મ બનાવી રહ્યા છીએ અને ભારત તેમજ વિશ્વના ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન માં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છીએ.

કેપી ગ્રૂપે ગુજરાતમાં મજબૂતી હાંસલ કર્યા બાદ હવે ઓડિશા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુપી, તમિલનાડુ, આંધ્રપ્રદેશ સહિતના રાજ્યોમાં વિસ્તરણ શરૂ કર્યું છે. જેમાં કેપી ગ્રીન એન્જિ. એ હાલમાં જ **BSNL** પાસેથી સૌથી મોટો ઓર્ડર મેળવ્યો છે, જેમાં મહારાષ્ટ્ર, ગોવા, જમ્મુ અને કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પૂર્ણ કરાશે.

કે.પી.ગ્રુપ દ્વારા સુરતમાં ૧૫,૦૦૦થી વધુ જરૂરિયાત મંદ બાળકોને આર્થિક સહાય આપે છે.જેમાં પાલનપુરની ઈકરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રાજવી સ્કુલનાં ૪૦૦ જેટલા બાળકોને સહાયનો લાભ મળશે.



